# ગુજરાત અસ્મિતા

તંત્રી, માલિક, મુદ્રક, પ્રકાશક : સચિન પટેલ

● વર્ષ : ૬ ● અંક : ૩૬ ● તા. ૨૫-૦૧-૨૦૧૮, ગુરુવાર ● વિક્રમ સંવત ૨૦૭૪ : મહા સુદ ૮ ● પાના : ૪ ● કિંમત : રૂા. ૨.૫૦/- ● મો. નં. ૮૯૮૦૦ ૩૦૮૦૮ ● Email: gujaratashmitadaily@gmail.com

● કાર્યાલય : ૪, શિખર કોમ્પ્લેક્ષ, ગંગેશ્વર મહાદેવ મંદિરની પાછળ, ન્યુ અડાજણ પોલીસ સ્ટેશનની બાજુમાં, અડાજણ, સુરત.



# હું મ્યુનિ. કમિશનરનો પગાર ખાઉં છું : પરાગ મુન્શી

## ઉધના ઝોનના કાર્યપાલક ઈજનેરનું અરજદાર સાથે બેહુદુ વર્તન

**સુરત મહાનગરપાલિકાના ઉધના ઝોનમાં કોઈપણ પ્રકારની માહિતી માગવા જતા પહેલા સામાન્ય નાગરીકો ચેતજો! કારણ કે ઉધના ઝોનમાં બેસેલા અધિકારી - કર્મચારી સામાન્ય નાગરિક પર પોતાના ટેબલ પર મુકેલી વસ્તુઓ?? દ્વારા આપના પર ગમે ત્યારે હુમલો કરી શકે છે. એનું ઉમદા અને જીવતુ જાગતુ ઉદાહરણ ઉધના ઝોનના કાર્યપાલક ઈજનેર પરાગ મુનશી પુરુ પાડે છે. બિલ્ડરો, આર્કિટેક્ટો અને રાજનેતાઓના ખોળામાં બેસી વટ જમાવતા અને આવા તુમાખી વલણ ધરાવતા ઉચ્ચ અધિકારીઓ સામે મ્યુનિસિપલ કમિશનર કડકમાં કડક કાર્યવાહી કરશે ખરાં?**

સુરત

હકીકત એમ છે કે એક અરજદારે આદર્શનગર સોસાયટી બમરોલી રોડ ખાતે આવેલ સોસાયટીમાં માર્જીનની જગ્યા બાબતે ફરિયાદ કરી હતી. જે ફરિયાદના આધારે પાંચથી છ મહિનાનો સમયગાળો થઈ ગયો હોવા છતાં આજદિન સુધી કોઈપણ પ્રકારનો ડેપ્યુટી કમિશનર નાગરાજન અને ઉધના ઝોનના કાર્યપાલક ઈજનેર દ્વારા કોઈપણ પ્રકારનો પ્રત્યુત્તર કે જવાબ આપવામાં આવ્યો નહતો. અરજદારે અગાઉ ડેપ્યુટી કમિશનર નાગરાજનને આ બાબતની જાણ કરતા ડેપ્યુટી કમિશનરે ઉધના ઝોનના કાર્યપાલક



### ગુંડાગર્દી કરતો ઉધના ઝોનનો કાર્યપાલક ઈજનેર પરાગ મુન્શી મ્યુનિસિપલ કમિશનરનો પગાર લે છે કે સરકારનો?

ઈજનેરને જઈને રૂબરૂ મળવાનું જણાવ્યું હતું. જેથી કરીને અરજદાર આજરોજ તારીખ ૨૪-૧-૨૦૧૮ના રોજ મળવા ગયા હતા. આ તમામ હકીકત ઉધના ઝોનના કાર્યપાલક ઈજનેર પરાગ મુન્શીને કહી હતી. આ તમામ હકીકત પરાગ મુન્શીને જાણ કરતા અરજદાર સાથે ગમે તેમ વાત કરી અને અરજદારને મા-બહેન સુધીની ગાળો ભાંડી હતી અને વોકી ટોકીથી હુમલો કરવા માટે પ્રેરાયા હતા.

અરજદારે વધુમાં જણાવ્યું હતું કે જે તે માલિકીનો પ્લોટ હોય તમે વહેવાર કરી લો નહી તો અમે પોલીસ ફરિયાદ કરીશું એમ કહી ફરિયાદીને ધમકાવ્યા હતા. ત્યાંના સ્થાનિક કોર્પોરેટર ઉજ્વલા નિગમના પતિએ પણ અરજદારને અગાઉ ધમકી આપી ચૂક્યા છે. આ પરથી સાબિત થાય છે કે ઉચ્ચ અધિકારીઓ પણ કાયદો હાથમાં લેતા પહેલા વિચારતા નથી અને અરજદારો સાથે ગમે તેમ વર્તન કરતા નજરે ચડી રહ્યા છે.આવા ઉચ્ચ અધિકારી જે સુરત મહાનગરપાલિકાના નહિ પણ સરકાર સંચાલિત સંસ્થાનો ઉચ્ચ પગાર લેતા હોય અને ઉચી પદવી ધરાવતા હોય છતાં પણ કહે છે કે કમિશનર એમના ઘરમાંથી મને પગાર આપે છે એટલે મારો કમિશનર મને કહેશે તે જ કરીશ. આટલી હદ સુધી જો એક ઉચ્ચ અધિકારી જતો હોય તો સામાન્ય માણસનું શું? આવા ઉચ્ચ અધિકારીઓ સામે શું કમિશનર પગલાં લેશે ખરાં?

**ઉલ્લેખનીય છે કેઅમારી પાસે આ ઘટનાના તમામ પુરાવા હોય અને આ પુરાવા કોઈપણ જાતના બ્લેકમેઈલના ઈરાદાથી નહી પરંતુ માત્ર અને માત્ર અરજદારને ન્યાય અપાવવા માટે રખાયા છે.**

તંત્રી લેખ

# ખરેખર વિકાસ થયો છે ?



છેલ્લા ૨૨ વર્ષથી ગુજરાતમાં ભાજપનું શાસન છે, જેથી એકહથ્થુ શાસન કરનારી સરકાર એક માત્ર સરકાર છે જેમાં કદાચ રેકોર્ડ કોઈ નહિ તોડી શકે, પરંતુ આ ૨૨ વર્ષના શાસન દરમિયાન કેટલો વિકાસ કર્યો એ મોટો સવાલ છે. ગરીબોના વિકાસની વાત કરીએ તો ગરીબ હાલ વધુ પડતો ગરીબ થયો છે. તેનું સાંભળનારું કોઈ જ નથી અને માલદાર હજુ માલદાર થતો જાય છે. કારણકે નેતાઓને ચૂંટણી લડવા માટે ફંડ પુરુ પાડે છે.

વિકાસ કોનો થયો ? વિકાસ થયો શહેરોનો જેમાં નવા નવા બ્રીજ, કચેરીઓ, મોટી મોટી બિલ્ડીંગો, નવા રોડ બન્યા પરંતુ શું ખરેખર આ વિકાસની વ્યાખ્યા છે ? ખરેખર વિકાસ માણસનો થવો જોઈએ, જે ખરેખર થયો નથી. હજુ પણ ગામડાનો ગરીબ ખેડૂત સવારે ખેતર જાય છે અને સાંજે પાછો આવે છે. નોકરિયાત વ્યક્તિની પણ એજ સ્થિતિ છે. પરિવારનું ભરણપોષણ કરવા માણસે કોઈને કોઈ પ્રવૃત્તિ તો કરવી જ રહી, પરંતુ આ પ્રવૃત્તિઓ અને તેની કમાણી થકી તેની બચત કેટલી કરી ? મકાન લેવા માટે કેટલી લોન મળી ? આજે નોકરિયાત વર્ગમાં પરિવારના તમામ સભ્યોએ કમાવા જવુ પડે છે. આ તમામ પ્રશ્નો સમસ્યાઓ ઉપજાવે છે.

દરેક વ્યક્તિને સમસ્યાઓ છે, પરંતુ આ સમસ્યાઓનો હલ લાવવા માટે સરકારે કેવા પગલા ભરવા જોઈએ ? હજુ લોકો નોટબંધીમાંથી ઉંચા નથી આવ્યા ત્યાં જીએસટી આવ્યું. હવે વારો આવ્યો આધાર કાર્ડ લિંક કરવાનો. એટલે કે હવે ખરેખર સામાન્ય માણસ અને ગરીબ માણસ વધુ ને વધુ પીસાતો... માલદારને કોઈ ફરક પડતો નથી. કારણકે જે તે રાજ્યની સરકાર આ માલદારો જ ચલાવે છે. મરો તો ફક્ત ગરીબ અને મધ્યમવર્ગનો જ છે. રાજ્યની સરકારે હવે ઉથલપાથલ થાય તો પણ કોઈ પ્રકારનો ચેન્જ આવવાનો નથી, કારણકે જ્યાં સુધી સરકાર આમ આદમીનો વિકાસ નહી કરે ત્યાં સુધી રાજ્યનો/ દેશનો વિકાસ થવાનો નથી. દરેક સરકારે આ વિકાસ શબ્દ અપનાવ્યો છે અને આખા દેશમાં વિકાસ થવો જોઈએ. પરંતુ બિલ્ડીંગો, રોડ રસ્તાઓનો નહિ મધ્યમ-ગરીબ વર્ગના માનવીનો વિકાસ થવો જોઈએ.

- સચિન પટેલ

ત્રણેય સેનાઓ દેખાડશે પોતાનો દમ

# મિસાઈલની ત્રિપુટી બનશે ગણતંત્ર દિવસનુ આકર્ષણ

નવી દિલ્હી

આ વખતે ગણતંત્ર દિવસની પરેડ અનેક રીતે ખાસ બની રહેવાની છે. પ્રથમ વખત પરેડમાં નિર્ભયા મિસાઈલ, બ્રહ્મોસ અને આકાશ મિસાઈલની ત્રિપુટી એકસાથે જોવા મળશે. બીજીબાજુ સેનાના ટી-૯૦ ટેંક, બીએમપી અને સ્વાતી રડારનુ પણ પ્રદર્શન જોવા મળશે. પરેડના સેકન્ડ ઈન કમાન્ડર મેજર જનરલ રાજપાલ પુનિયાએ જણાવ્યુ હતું કે ખાસ રીતે આશિયાન દેશોના પ્રમુખો સામે ભારતીય સેનાની ત્રણેય પાંખો પોતાની તાકાતનુ પ્રદર્શન



કરશે. પહેલીવાર ભારતીય સેનાના જવાનો રાજપથ પર આશિયાન દેશોના ઝંડા લઈને પરેડ કરશે. આ ઉપરાંત બ્રહ્મોસ સુપર સોનિક મિસાઈલ, આકાશ ક્રુસ મિસાઈલ અને નિર્ભયા મિસાઈલ પણ લોકોનુ આકર્ષણનુ કેન્દ્ર બનશે. આ ત્રણેય મિસાઈલો ભારતીય સેનાના ત્રણેય અલગ અલગ પાંખોની મારક ક્ષમતામાં અનેક ગણો વધારો કરી રહી છે. ગણતંત્ર દિવસની પરેડમાં આ મિસાઈલોની કમાન યુવા અધિકારી કેપ્ટન મોહમ્મદ યુનુસ ખાન, કેપ્ટન મેઘરાજ યાદવ, કેપ્ટન કૃણાલના હાથમાં હશે. ગણતંત્ર દિવસ નિમિત્તે રાજપથ પર દેશ અને દુનિયાના અત્યાધુનિક હથિયારોની તાકાત જોવા મળશે. ખાસ કરીને અત્યારે ભારતીય સેનાની મુખ્ય યુદ્ધ ટેન્ક ગણાતી ટી-૯૦નુ પણ પ્રદર્શન થશે.

આ ટેંક ૫ કિલોમીટર સુધી પોતાના દુશ્મનને નિશાનબનાવવા સક્ષમ છે. આ ઉપરાંત બીએમપી ટેંક પણ પરેડમાં જોડાશે. ગણતંત્ર દિવસની પરેડમાં મેક ઈન ઈન્ડિયાની વધતી જતી તાકાત પણ જોવા મળી શકે છે.


**પ્રજાસત્તાક દિવસની હાર્દિક શુભકામનાઓ..**



જય જવાન જય કિશાન

● એક શુભેચ્છક ●






● શુભેચ્છક ●

સચિન પટેલ (ગુજરાત અસ્મિતા)

સૈયદ હબીબ (રીઅલ ક્રાઈમ)

ભાવેશ પરમાર (લોક કર્તવ્ય)

# તાલુકા પંચાયતના વિરોધ પક્ષના નેતા આનંદ કહારે રજૂ કરેલા પ્રશ્નોને વાચા ક્યારે અપાશે ?

**ઓલપાડ તાલુકા પંચાયત મનસ્વી રીતે ચલાવી રહેલા ટીડીઓને આ તમામ પ્રશ્નો અને વિકાસના કામો ઝડપથી કરવા હેતુથી વિરોધ પક્ષના નેતાએ ટીડીઓ અને તાલુકા પંચાયત પ્રમુખ સામે રજૂઆત કરવામાં આવી હતી. તેમણે રજૂ કરેલા પ્રશ્નો અત્રે પ્રસ્તુત છે.**

(૧) ઓલપાડ ગૃપ ગ્રામપંચાયતના સભ્ય શ્રીમતી નિકિતાબેન રાઠોડને સરકારી દારૂબંધીની ઝુંબેશનો કડક અમલ કરતાં પોલીસ વડાના આદેશથી પો.સ્ટેના ઓર્ડરનાં કારણે શ્રીમતી નિકિતાબેન રાઠોડની પ્રોહિબિશનની કમલ હેઠળ ઘરપકડ કરી એક માસ કરતાં વધુ સમય સુધી મધ્યસ્થ જેલમાં અટકમાં રાખવામાં આવેલ હતા. આમ ઓલપાડ ગૃપ ગ્રામ પંચાયતના સભ્ય શ્રીમતી નિકિતાબેન રાઠોડ મુંબઈ નશાબંધી અધિનિયમ ૧૯૪૯ હેઠળ દોષિત કરેલા હોઈ પ્રોહિબિશનની કલમ હેઠળ જેલમાં અટકમાં રાખવામાં આવેલ હોઈ શ્રીમતી નિકિતાબેન રાઠોડ ઓલપાડ ગૃપ ગ્રામપંચાયતના સભ્ય તરીકે ચાલુ રહી શકે નહી જેથી તેમને ઓલપાડ ગ્રામપંચાયત સભ્યપદેથી તાત્કાલિત દુર કરવા અંગેની મારી અરજી અને કરવામાં આવેલ કાર્યવાહીની મને માહિતી આપવા વિનંતી અને આ સભ્યશ્રી સામે પગલા લેવા માંગો છો કે કેમ? સભ્યપદેથી દુર કરવામાંગો છો કે કેમ?

(૨) સ્વચ્છ ભારત મિશન અંતર્ગત રાજ્યમાં અને મુક્ત ગામડા કરવા સરકાર કટીબધ્ધ છે. શૌચાલય બનાવવા અંગે સરકારશ્રી દ્વારા વાઈડ લાઈન આપવામાં આવેલ હશે જે શૌચાલય બનાવવા અંગેની સરકારશ્રીની ગાઈડલાઈન અને સરકારશ્રીના શૌચાલય બનાવવા અંગેના તમામ પત્રો, પરિપત્રો હુકમોની નકલ આપવા વિનંતી.

(૩) સરકારશ્રી દ્વારા વ્યક્તિગત શૌચાલય બનાવવા માટે રૂા. ૧૨૦૦૦/- ની સહાય આપવામાં આવે છે જે રૂા. ૧૨૦૦૦/- ની સહાય આપવા અંગેની યોજના ક્યારથી અમલમાં છે. તેની આધાર પુરાવા સામે માહિતી આપવા વિનંતી.

(૪) પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત સને ૨૦૧૫ અને ૨૦૧૬ અને ૨૦૧૭ માહે જાન્યુઆરી ૨૦૧૮ માં ઓલપાડ તાલુકામાં કયા ગામે કયા લાભાર્થીના આવાસે બનાવવામાં આવ્યા તે લાભાર્થીના નામ, સરનામા અને કયા વર્ષનો આવાસો બનાવવામાં આવ્યા. તેની માહિતી અને આ આવાસ માટે કેટલી રકમની સહાય આપવામાં આવે છે તેની માહિતી આપવા વિનંતી.

(૫) પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત આવાસો બનાવવા અંગે સરકારશ્રી દ્વારા ગાઈડ લાઈન આપવામાં આવેલ હશે જે આવાસ બનાવવા અંગેની સરકારશ્રીની ગાઈડલાઈન અને સરકારશ્રીના આવાસ બનાવવા સાથેના તમામ પત્રો, પરિપત્રો, હુકમોની વિગતવાર માહિતી આપવા અને તેની તમામ નકલ અંગે આપવા વિનંતી.

(૬) સરદાર પટેલ આવાસ યોજનાઓ અંતર્ગત સને ૨૦૧૫, ૨૦૧૬ અને ૨૦૧૭ જાન્યુઆરી ૨૦૧૮માં ઓલપાડ તાલુકામાં કયા ગામે કયા લાભાર્થીના આવાસો બનાવવામાં આવ્યા તેની માહિતી આપવા વિનંતી.

(૭) હળપતિ આવાસ યોજના અંતર્ગત સને ૨૦૧૫, ૨૦૧૬ અને ૨૦૧૭ માહે જાન્યુઆરી ૨૦૧૮ માં ઓલપાડ તાલુકાના કયા ગામે કયા લાભાર્થીના આવાસો બનાવવામાં આવ્યા તે લાભાલ્થીના નામ સરનામા અને કયા વર્ષમાં આવાસો બનાવવામાં આવ્યા તેની માહિતી આપવા વિનંતી.

(૮) ઓલપાડ તાલુકાના ઘણા ગામોમાં સરકારશ્રીની જગ્યામાં પંચાયત પદાધિકારીશ્રીઓ અને સરકારશ્રીના અધિકારી કર્મચારીઓની મહેરબાની અને મુક સંમતિથી ગરીબ અને ખેતમજુર લોકો કે જેઓ બીપીએલ અને એપીએલ છે. તેઓએ બિનઅધિકૃત રીતે આવાસો બનાવેલ છે. આ આવાસો રેગ્યુઅલ કરવા માટે તાલુકા પંચાયત ઓલપાડ કોઈ કાર્યવાહી કરવા માંગે છે કે કેમ? ઓલપાડ તાલુકાના કયા કયા ગામોમાં આવા આવાસો આવેલ છે તેની માહિતી આપવા વિનંતી છે.

(૯) ઓલપાડ ગામના મોટા હળપતિ આવાસની સાથે સાંઈ આશિષ સોસાયટી તરફ જતાં (બી આર.સી. ભવન, તાલુકા પંચાયત ઓલપાડ ભટગામ રોડને જોડતા રસ્તાને આર.સી.સી. રોડ તાલુકા પંચાયત સ્વભંડોળમાંથી બનાવવા વિનંતી.

(૧૦) ઓલપાડ તાલુકા પંચાયત દ્વારા તાલુકા પંચાયત સ્વભંડોળમાંથી વિકાસના કામો કરવા અંગે સુરત જિલ્લા પંચાયતના ઓલપાડ તાલુકાના સભ્યો અને ોલપાડ તાલુકા પંચાયતના સભ્યો પાસે તાલુકા પંચાયતની સીટ પ્રમાણે સભ્યોની પસંદગીના વિકાસના કામો માંગવામાં આવેલ હતા અને ઓલપાડ તાલુકાના ભારતીય જનતા પાર્ટીના ચુંટાયેલા સભ્યોની પસંદગી અનુસારના કામો મંજુર કરવામાં આવેલ છે. જ્યારે અમો ભારતીય કામો તાલુકા પંચાયતએ મંજુર કર્યા નથી જે કયા કારણોસર મંજુર કર્યા નથી? મંજુર કરવા માંગો છો કે કેમ (૧૧) ઓલપાડ ગામની સાંઈ આશિષ સોસાયટી, ભટગામ રોડ, કરસમપરા મહોલ્લો, હાથીસા રોડ, ઝુંપડપટ્ટી, અશોકનગર, બ્રહમાણીનગર વિગેરે વિસ્તારમાં ગ્રામપંચાયત દ્વારા જે પાણી પુરુ પાડવામાં આવે છે તે પુરતાં પ્રમાણમાં મળતુ નથી અને ઘણીવાર દુષિત પાણી મળે છે જે અંગે ગ્રામપંચાયત ઓલપાડ કોઈ કાર્યવાહી કરવા માંગે છે કે કેમ?

(૧૨) ઓલપાડ ગ્રામપંચાયત દ્વારા વ્યક્તિગત પાણી પુરવઠાના નળ જોડાણ માટે કેચલી રકમ ફી વસુલવામાં આવે છે તેની માહિતી આપવા વિનંતી છે.

(૧૩) સરકારશ્રીની યોજનામાંથી ોલપાડ ગામ અશોકનગર સોસાયટીમાં શ્રી બાલુલાલ જૈનના ઘરથી શ્રી અનિલભાઈ મહિડા એકડવોકેટના ઘર તરફ જતો રસ્તો પેવર બ્લોકનો રસ્તો બનાવવા વિનંતી છે.

(૧૪) ઓલપાડ ગામમાં સને ૨૦૧૪, ૨૦૧૫, ૨૦૧૬ અને ૨૦૧૭ માં કરવામાં આવેલ વિકાસના કામોની કામના નામ, સ્થળ કઈ યોજનામાંથી કામ કરવામાં આવ્યું. કેટલી રકમનું કરવામાં આવ્યુ વિગેરે માહિતી સહિતની સંપૂર્ણ માહિતી આપવા વિનંતી છે.

(૧૫) ઓલપાડ તાલુકા પંચાયતના ફરજ બજાવતા મદદનીશ તાલુકા વિકાસ અધિકારી તા.પં.ઓલપાડ અને મદદનીશ તાલુકા વિકાસ અધિકારીશ્રી આઈ.આર.ડી. શાખા અને સર્કલ ઈન્સ્પેકટર તાલુકા પંચાયત ઓલપાડ અને અધિક મદદનીશ ઈજનેર તાલુકા પંચાયત ઓલપાડ અને સી કલાર્ક તાલુકા પંચાયત ોલપાડની ફરજો સત્તા અને જવાબદારી અને તેમણે કઈ કઈ કામગીરી કરવાની છે તેની સંપૂર્ણ માહિતી સામાન્ય સભાને અને મને આપવા વિનંતી અને આ તમામ કર્મચારીઓના જોબચાર્ટની નકલ મને આપવા વિનંતી છે અને આ હોદ્દા ઉપર કયા કયા કર્મચારી ફરજ બજાવે છે. તેની માહિતી આપવા વિનંતી છે.

## સાયણ સુગર ફેકટરીમાં પ્રમુખ ઉપપ્રમુખની પુનઃબિનહરીફ વરણી

### ૩૦ કરોડથી વધુના ખર્ચે નવીમીલ કાર્યરત કરવા સાથે બીજા અન્ય સભાસદોના હિતના કરાયેલા કામોના વિરોધીએ હવનમાં હાડકા નાખવાની ભૂમિકા ભજવી પણ સફળ ન થયા

આસ્તિક પટેલ, ઓલપાડ :

દક્ષિણ ગુજરાતની અન્ય સુગર ફેકટરીઓ સાથે સાયણ સુગરમાં પણ પમુખ ઉપપ્રમુખની અઢીવર્ષની તમ પૂરીથતા ફરીવારની પસંદગી પક્રિયા માટે શનિવારે ઓલપાડ પ્રાંતના અધ્યક્ષસ્થાને બેઠક મળી હતી જેમાં હાલના પ્રમુખ અને ઉપ પ્રમુખની પુનઃબીનહરીફ વળણી કરવામાં આવતા અનેકવિધ અટકળોનો અંત આવ્યો હતો

ઘી ગુજરાત સહકારી મંડળી અધિનિયમ ૧૯૬૧ ની કલમ-૧૪૫ની જોગવાઈ હેઠળ સહકારી મંડળીઓમાં પ્રમુખ અને ઉપ પ્રમુખના હોદ્દા માટે અઢીવર્ષ બાદ ફરી પસંદગી પક્રિયા કરવાની થતીહોઈ દક્ષિણ ગુજરાતની સહકારી ધોરણે ચાલતી સુગર ફેકટરીઓમાં ચૂંટાયેલા પ્રમુખ ઉપપ્રમુખન અઢીવર્ષ પૂર્ણ થતા હાથધરવામાં આવેલી ચૂંટણી દરમિયાન દક્ષિણ ગુજરાતની અનેક સુગરોમાં વિવાદો થવા સાથે પ્રમુખ ઉપ પ્રમુખ બદલાયા પણ છે. ત્યારે દક્ષિણ ગુજરાતની અગ્રગણીય ગણાતી ખેડૂતોની જીવાદોરી સમાન સાયણ સુગર ફેકટરીમાં પણ પ્રમુખ ઉપ પ્રમુખની ફરીવારની પસંદગી પક્રિયા ગત તારીખ ૧૮ જાન્યુઆરીના ના રોજ રાખવામાં આવેલી જયારે તે દિવસે ઓલપાડ પ્રાંત સરકારી કામગીરીમાં જવાનું આવવાથી રદ કર્યાબાદ ૨૦ જાન્યુઆરી નક્કી કરતા શનિવારે બપોરે ૧૨ કલાકે બોલાવેલી બેઠકમાં વ્યવસ્થાપક સમિતિના ચૂંટાયેલા તમામ સભ્યોની સંમતિથી પ્રમુખ રાકેશ ઠાકોરભાઈ પટેલ અને ઉપ પ્રમુખ માટે ડો.દેવેંદ્રભાઈ ડાહ્યાભાઈ પટેલની ફરીવાર આગામી અઢીવર્ષ માટે પુનઃબીનહરીફ પસંદગી કરી સહકારની ભાવના અને એકરાગિતા હોવાનું સાબિત થયું.

**સાયણ સુગરની નવી ચૂંટાયેલી વ્યવસ્થાપક સમિતિના સભ્યોનો પારદર્શ વહીવટને લઈને સભાસદોની માંગથી પ્રમુખ રાકેશ પટેલ ઉપપ્રમુખ ડો.દેવેન્દ્ર પટેલને રિપીટ કરાયા**

અત્રે ઉલ્લેખનીય છેકે સાયણ સુગરની હાલની ચૂંટાયેલા વ્યવસ્થાપક સમિતિના સભ્યો અને પ્રમુખ ઉપ પ્રમુખની એકરાગિતા અને સભાસદોના હિતના કામોકરવાની તેવડને લઈને જયારે ૩૦ કરોડથી વધુના ખર્ચે નવી ફેકટરી નાખવા સાથે બીજા અનેક મહત્વના કામોકરી સહકારી ધોરણે ચાલતી સુગર ફેકટરીઓમાં દાખલો બેસાડવાજેવી કામગીરી કરાઈ છે. ત્યારે સંસ્થાની પ્રગતિની આરીતની કામગીરી નો વિરોધ કરતા તત્વોએ પ્રમુખ ઉપ પ્રમુખની પસંદગી પક્રિયામાં વિવાદ ઉભો કરવાની વાતે હવનમાં હાડકા નાખવાની કામગીરી કરેલી પણ વ્યવસ્થાપક સમિતિના સભ્યોની એકરાગિતાને લઈને તેમની આશાપર પાણી ફરીવળ્યું હતું.

### અડાજણમાં ચોરી કરતા ઝડપાયેલા ચોરો દ્વારા બે યુવાનો પર હુમલો

રાંદેર રોડ કોઝવે સર્કલ રાજુનગર ઝૂંપડપટ્ટીમાં ઝહુર નુર સૈયદ રહે છે. અડાજણ સરદાર બ્રિજની સાઈટ પર રહેતા અને ૩૦ વર્ષના બાબુ અલ્તાફ શેખ નિઝારૂ નાશીર તથા શેખ સોહિલ વિગેરેઓ એકબીજાની મદદગારી કરી લોખંડના માલ-સામાનની ચોરી કરી હતી. જેને ઝહુર નુર સૈયદ તથા તેમના મિત્ર અબ્દુલ મજીદ ગફારે રંગેહાથે ઝડપી લીધા હતા. ત્યારબાદ તેઓને ઠપકો આપવા ગયેલા ઝહુર તથા તેના મિત્ર પર આરોપી બાબુ અલતાફ શેખ, શેખ નીઝારૂ તથા શેખ સોહિલ વિગેરેઓએ લોખંડના પાઈપ તથા લાકડાના ફટકા વડે માર મારી શરીરે ઈજાઓ પહોંચાડી થઈ ગયા હતા.

## ઓલપાડ ગામના નામચીન બુટલેગર ધોળાભાઈ દારૂવાલાની પુત્રી નીકિતા રાઠોડનું સભ્યપદ ક્યારે રદ થશે?

**ઓલપાડમાં આવેલ તાલુકા પંચાયતની બહાર જ ખુલ્લેઆમ દેશી- વિદેશી દારૂનો ધંધો કરતી નિકીતા રાઠોડ હાલ ઓલપાડ ગ્રામ પંચાયતની સભ્ય છે, આ સભ્ય અગાઉ દારૂના ધંધામાં બે ત્રણ મોટા પાયે જથ્થો રાખવાના ગુનામાં ઝડપાઈ ચુકી છે. છતાં પણ હાલમાં ઓલપાડ પોલીસ સ્ટેશન કોઈ પગલા કેમ નથી લેતી ? તે સમજાતું નથી ? શું આ ગેરકાયદેસરના ધંધા પાછળ કોઈ અન્ય સભ્ય પણ હાથ હોઈ શકે ?**

ઓલપાડ

'રામ રાજ્ય અને પ્રજા સુખી' એવી કહેવત ગુજરાતીમાં છે, પરંતુ તેનો અર્થ ઉલટો કરવામાં આવી રહ્યો છે, ઓલપાડ ગ્રામ પંચાયતની વાત કરવામાં આવે તો ઓલપાડ ગ્રામમાં ખુદ જો ચુંટાયેલા સભ્યો જે દારૂના ધંધા સાથે સંકળાયેલા હોય તો અન્ય માણસની વાત જ કંઈક અલગ છે. કાયદો બનાવનારા જ કાયદાનાં ભંગ કરતો હોય તેવું લાગે છે.

**ઓલપાડ તાલુકા પંચાયતના વિરોધ પક્ષના નેતા આનંદ કહારના મત મુજબ ફોજદારી ગુનામાં સંડોવાયેલા નિકીતા રાઠોડનું સભ્યપદ સસ્પેન્ડ કરવામાં નહીં આવે તો ગાંધીચિંધીયા માર્ગે આંદોલન કરવામાં આવશે અને દારૂના ધંધા સાથે સંકળાયેલ નિકીતા રાઠોડને પાસા કરવામાં નહીં આવે તો આગામી સમયમાં ઉગ્ર આંદોલન કરવાની ચીમકી આપી છે. અને જે તે જવાબદાર અધિકારીઓ સામે કોર્ટના દ્વાર ખખડાવી આગામી સમયમાં કડક પગલા લેવામાં આવશે.**

મળતી માહિતી મુજબ ઓલપાડ ગ્રામ પંચાયત જ ચુંટણીમાં ચુટાયને આવેલા નિકીતા રાઠોડને સભ્યપદ સોંપવામાં આવેલી જવાબદારી નિભાવવાની હોય છે. પરંતુ તેમની નૈતિક જવાબદારીઓ નિભાવવાની જગ્યાએ ખુદ જ દારૂના ધંધા સાથે સંકળાયેલા હોય એ સભ્ય શું લોકોના પ્રશ્નો સાંભળશે ખરા ?? વાત એમ છે કે આ નિકીતા રાઠોડના પિતા એક નામચીન બુટલેગર ધોળિયાભાઈની પુત્રી છે. જે પોતાના પિતાના વારસામાં મળેલ દારૂના ધંધાને ખુલ્લેઆમ ચલાવી રહી છે. અને આ બુટલેગર નિકીતા રાઠોડ હાલમાં ઓલપાડ ગ્રામ પંચાયતની સભ્ય પણ છે, નિકીતા રાઠોડ દારૂના ધંધા સાથે સંકળાયેલી હોય અગાઉ તેમની સમક્ષ પ્રોહિબિશન એક્ટ હેઠળ બેથી ત્રણ વાર દારૂના મોટા જથ્થા સાથેનો ઓલપાડ પોલીસ સ્ટેશનમાં ગુનાઓ નોંધાઈ ચુક્યા છે. જે ઓલપાડ પોલીસ સ્ટેશનની ડાયરીમાં નોંધાઈ ચૂક્યા છે અને સભ્ય/ બુટલેગર નિકીતા રાઠોડ ઉપર પાયાની કાર્યવાહી કરવામાં આવેલી, પરંતુ અગાઉના ટી.ડી.ઓ. દ્વારા આ મહિલા બુટલેગર નિકીતા રાઠોડ ઉપર વધુ પડતા મહેરબાન ટીડીઓએ તેમને સપોર્ટ અને કાર્યવાહી કલેક્ટર નહી કરતાં બુટલેગર નિકીતાના પાસા અટકી જવા પામ્યા હતા, અને સાથે સાથે ઓલપાડ પોલીસ સ્ટેશનની કામગીરી પણ શંકાના ડાયરામાં આવતી હોય એમ લાગી રહ્યું છે. ગુજરાત ગ્રામ પંચાયતના કાયદાની કલમ ૫૭/૧ મુજબ જે કોઈ ચુંટાયેલ સભ્ય ઉપર કોઈ ફોજદારી ગુનો નોંધાઈ છે તો તેનું સભ્યપદ રદ કરવાની જોગવાઈ હોવા છતાં પણ અત્યાર સુધી નિકીતા રાઠોડ ઉપર કાયદેસરની કાર્યવાહી કેમ નથી કરવામાં આવી ?? ભ્રષ્ટાચારમાં ગળાડૂબ બનેલા અને ઓલપાડ ગ્રામ પંચાયતમાં ચુટાઈને બેઠેલા સરપંચ અને તેમના સભ્યોએ પોતાની ચામડી બચાવવા માટે બુટલેગર અને સભ્ય તરીકે નિકીતા રાઠોડને બચાવવાના તમામ પ્રયાસો કરી રહ્યા છે.

**ગ્રામ પંચાયત કાયદાની કલમ ૫૭/૧ મુજબ જો કોઈ ચુટાયેલ સભ્ય ઉપર ફોજદારી ગુનો નોંધાય તો તેનું સભ્યપદ સસ્પેન્ડ કરવાની જોગવાઈ કાયદામાં છે છતાં પણ ઓલપાડ પોલીસ સ્ટેશન અને તાલુકા વિકાસ અધિકારી આ બુટલેગર અને ઓલપાડ તાલુકાના ચાલુ સભ્ય નિકીતા રાઠોડ ઉપર આટલા મહેરબાન કેમ ?? શું ટી.ડી.ઓ અને ઓલપાડ પોલીસ સ્ટેશનના પી.આઈ. રાઠોડનેકદાચ નિકીતા રાઠોડ કદાચ દર મહિને હપ્તા પહોંચાડતી હોય જેથી કરીને એમના ફોજદારી ગુનાનો કેસ ઢીલો કરી રહ્યા છે.**

# સુરત જીલ્લાના પલસાણા પોલીસ સ્ટેશનના વહીવટમાં માસ્ટરમાઇન્ડ એવા PSI તેમજ વહીવટદાર પ્રવિણ ચૌહાણ અને જીતેન્દ્ર ઉર્ફે જીતુની આઇ.જી. દ્વારા તપાસ ક્યારે ?






બુટલેગર રાકેશ ઉર્ફે લંગડો, પલસાણા ભીંડી બજાર



બુટલેગર જોસના, બલેશ્વર ગામ    બુટલેગર નીતા, બલેશ્વર ગામ





**'ગુજરાત અસ્મિતા' દ્વારા કરવામાં આવેલા સ્ટિંગ ઓપરેશન છતાં પલસાણા પોલીસની મદદગારીથી બુટલેગરો બેફામ બને તો નવાઇ શી ?**

## ગંગાધરા આઉટ પોલીસ ચોકીના હોમગાર્ડ ગોરખના ગોરખધંધા !



સુરત જીલ્લાના પલસાણા પોલીસ સ્ટેશનના પી.એસ.આઇ. ગોહિલની રહેમનજર બુટલેગરો બન્યા બેફામ!!!

કેશિયરગીરી કરતાં પો.કો. પ્રવિણ ચૌહાણ તથા જીતેન્દ્ર ઉર્ફે જીતુ નામનાં પો.કો. દ્વારા તમામ બુટલેગરો પાસે થી મહિને મસમોટું ઉગરાણું કરી પલસાણા પો.સ્ટેશનનાં પીએસ.આઇ ગોહિલને પહોંચાડતાં હોવાની રાવ

પલસાણા પો.સ્ટેશનની હદમાં ૫૦ થી વધુ વિદેશી દારુનાં અડ્ડાઓ તથા ૧૦૦ થી વધુ દેશી દારુનાં અડ્ડાઓ ખુદ પીએસ.આઇ ગોહિલના કહેવાથી ચાલી રહ્યાં હોવાની વાતો...!

સુરત જિલ્લાના ૨૬ પો.સ્ટેશનોમાં હાલના સમયે સુરત જીલ્લાના એસ.પી. એ જાણે બુટલેગરોને ખુલ્લે પરવાનગીઓ આપી હોય એમ પલસાણા પો.સ્ટેશનમાં ખુલ્લેઆમ દેશી વિદેશી દારુઓના અડ્ડાઓ ચાલી રહ્યા છે. જેમાં પલસાણા પો.સ્ટેશનાના પી.એસ.આઇ ગોહિલને જાણે એસ.પી. સાહેબનો ઓર્ડર હોય એમ પો.સ્ટેશનમાં ફરજ બજાવતાં એવાં પો.કો. પ્રવિણ ચૌહાણને તમામ બુટલેગરો પાસેથી મહિને ઉઘરાણું કરવા માટેનું ચાર્જ સોંપ્યો હોય લાગી રહ્યું છે. કેમ કે, પ્રવિણ ચૌહાણ પલસાણા પો.સ્ટેની હદમાં ૫૦થી વધુ વિદેશીદારુના વેચાણ સાથે સંકળાયેલા માથાભારે બુટલેગરો અને દમણથી મોટામાયે સુરત જીલ્લામાં મોટાપાયે વિદેશી દારુ ઢાલવતાં બુટલેગરો અને ૧૦૦ થી વધુ દેશી દારુ ગાળતાં અને વેચાણ

વિદેશી દારૂનો ગોરખધંધો કરતાં બુટલેગરો નામ - સરનામા

- રાકેશ લંગડો - ભીંડી બજાર,
- ઈરફાન- ભીંડી બજાર,
- ઈમરાન મુલતાની - ભીંડી બજાર,
- નિતા - બલેશ્વર,
- જોષના - બલેશ્વર,
- અનીલ - બલેશ્વર
- બાબુ રાઠોડ - મહાદેવ ફળિયું- પલસાણા
- કિરણ ભુકી - પલસાણા
- ઠકુલ- ગંગાધરા
- સલામ, કલામ, ઈમરાન -
- રેશમા- પલસાણા શોપીંગ સેન્ટર,
- ઉષા - લીંગણ ગામ, પલસાણા,
- ઠાકોર - વડદલા
- ભાવના - લીંગણ ગામ, પલસાણા,
- જયેશ - વડદલા
- હિંમત મારવાડી - એના ગામ
- ગોપાલ મારવાડી - વડદલા

દમણ લાઈનના બુટલેગરો

- પિન્ટુ,
- ઈમરાન,
- શલામ,
- કલામ,
- અમરત મારવાડી
- પોખરાજ મારવાડી- લાખણ નહેર ઉપર
- ફકીર - લાખણ નહેર ઉપર

પલસાણા પો.સ્ટેશનના પોલિસની વર્દીમાં પ્રવિણ ચૌહાણ, જીતુ અને ગોરક નામનો એક હોમગાર્ડ ગંગાધરાથી દેશીદારુ થતા દેશીદારુ બનાવા માટે વપરાતો ગોળના વેપારીઓ પાસેથી મહિને મસમોટું ઉઘરાણું કરી હોવાની રાવ...!

કરતાં બુટલેગરો તથા ૬થી ૭ ગોળના વેપારીઓ પાસેથી મહિને લાખો રૂપિયાનું ઉઘરાણું પ્રવિણ ચૌહાણ દ્વારા કરવામાં આવી રહ્યું છે. દેખીતીરીતે ગુજરાતમાં દારુબંધીના કાયદાનું સારેઆમ ઉલ્લંઘન કરવામાં આવી રહ્યું છે અને મનફાવે તેમ વિદેશી દારુઓનાં ધંધાઓનું ખુલ્લેઆમ પરવાનગી આપી દેવામાં આવે છે. મળતી વિગત અનુસાર પલસાણા પો.સ્ટેશનમાં ફરજ બજાવતાં માથાભારે પો.કો. જીતેન્દ્ર ઉર્ફે જીતુ અને હોમગાર્ડમાં ફાકા ફોજદારી કરતો ગોરક નામનો ગાર્ડ પણ આ તમામ બુટલેગરો પાસેથી ઉઘરાણી કરી રહ્યાં છે. આ તમામ ગોરખધંધાઓના જવાબદાર એવા પીએસ.આઇ. બી.ડી. ગોહિલ સામે શું આઇ.જી. કાયદેસરની કાર્યવાહી કરશે ખરાં ? (વધુ વિસ્ફોટક માહિતી આવતાં અંકે....)

શું આ તમામ અડ્ડાઓ વિશે સુરત જિલ્લાના એસ.પી. ને ખબર છે ખરી કે પછી બુટલેગરો એસ.પી. નો સીધો સંપર્ક કરે છે ?

***ગત અંકમાં પ્રસિદ્ધ થયેલ અહેવાલ બાદ પણ પલસાણા પોલીસ સ્ટેશનના વહીવટમાં ગળાડૂબ પીએસઆઈ અને વહીવટદાર થકી કોઇપણ બુટલેગર સામે ફરિયાદ કે મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો નથી તો સમજવું શું ?***

*ગંગાધરા પોલીસ ચોકીના હોમગાર્ડ ગોરખના કારનામા પણ જાણવા જેવા છે. એક સામાન્ય હોમગાર્ડના પગાર કરતા પણ લકઝરીયસ જીંદગી જીવતો હોય તેની પાસે શીરડીધામ સોસાયટી, ગંગાધરામાં રોહાઉસ ધરાવે છે. લકઝરીયસ કાર તથા એકટીવા તેમજ હાઈફાઈ ૨૫ થી ૩૦ હજાર કિંમતવાળો મોબાઈલ લઈને ફરતો હોમગાર્ડ પાસે આ જાહોજલાલી કેવીરીતે આવી તે વિચારવા જેવી બાબત છે. ૨૦૦ રૂ.ના પગારદાર પાસે આ બધું કેવી રીતે આવ્યું તે તપાસનો વિષય બને છે. કારણકે વર્ષોથી એક જ જગ્યાએ ચીટકી રહેલો હોમગાર્ડ પલસાણા પીઆઈ કે ગંગાધરાના ઓ.પી.ના જમાદાર કરતા પણ રોફ ભારે છે. ભાડાના મકાનમાં રહેતો અને આજે રો હાઉસમાં રહે તે પણ વિચારવા જેવી બાબત છે. તપાસ કરે તો મોટા માથા પણ ઉઘાડા પડે તેમ છે. કારણકે બુટલેગરોના હપ્તા આ ઈસમ ઉઘરાણું કરે છે. તેનો ધાક આ વિસ્તારમાં માજા મૂકી છે તો આવા બે કોડીના હોમગાર્ડને પાણીચું કેમ પકડાવતા નથી તે પ્રશ્ન ઉઠે છે. કારણકે આ ગોરખ જ હપ્તા વસૂલીનું કામ કરે છે. એટલે મોટા ગજાના અધિકારી કંઈ કરતા નથી. છેલ્લા પંદર વર્ષથી આ ગંગાધરા ચોકડી પર ફરજ બજાવે છે. તેના ઠાઠ પણ જોવા જેવો છે. ઉપરી અધિકારી તપાસ કરે તો આ ઈસમ એક અધિકારીને શરમાવે તેવો છે.*

*બીજુ કે આ સાથે ગુલીયો પરમાર જે શીરડીધામમાં જ રહે છે. તેની સાથે મેળાપીપણામાં રીતસરનો રો હાઉસમાં જ બાર ચાલે છે. તે કોની રહેમ રાહે ચાલે છે અને બેઠક બાદમાં બિયર- ઈંગ્લીશ દારૂનો ધંધા ચાલે છે. આ ગુલીયો ઉર્ફે બાટલી પણ મોટી માછલી છે. તેનો પણ વર્ષોથી આ દારૂનો ધંધો ચાલે છે. તે પણ આ ગોરખના હિસાબે બેરોકટોક ધંધો ફૂલ્યો ફાલ્યો છે. તો શું પલસાણા પોલીસને કેમ કંઈ દેખાતુ નથી. બધુ જાણતા હોવા છતાં આ ગોરખનાં ગોરખધંધાથી અધિકારીઓ ચૂપ થઈને બધું ચલાવ્યે રાખે છે.*

પલસાણા/સુરત : ગુજરાત રાજ્યમાં ૧૯૪૯થી દારૂબંધીનો કાયદો અમલમાં હોવા છતાં પણ સુરત જીલ્લાના પલસાણા પોલીસ સ્ટેશનની હદમાં બેરોકટોક ખુલ્લેઆમ દેશી-વિદેશી દારૂના અડ્ડાઓનો ધમધમાટ ચાલી રહ્યો છે. જેમાં પોલીસ સ્ટેશનના પી.એસ.આઇ ગોહિલ તથા વહીવટદાર તરીકે પો.કો. પ્રવિણ ચૌધરી જે પલસાણા પોલીસ સ્ટેશનની હદમાં આવતા ગામડાઓનું ઉઘરાણું કરવામાં આવી રહ્યું છે. પલસાણા પોલીસ સ્ટેશનની બાજુમાં આવેલ નેશનલ હાઈવે નંબર ૮ જતો હોય જેમાં દમણ લાઈન પરથી બેરોકટોકપણે પો.કો. જીતેન્દ્ર ઉર્ફે જીતુ નામનો વહીવટદાર ઉઘરાણું કરી રહ્યો છે. આ ગોરખધંધામાં હોમગાર્ડના અમુક માણસો પણ સામેલ હોય એમ લાગી રહ્યું છે. જેમાં ગોરખ, ચંદ્રકાંત ઉર્ફે ચંદુ, પિયુષ અને ધવલ પણ આ નામના માથાભારે શખ્સો ઉઘરાણા કરવામાં સામેલ હોય એમ લાગી રહ્યું છે.

મળતી માહિતી મુજબ સુરત જિલ્લાના પોલીસ સ્ટેશનોમાં પલસાણા પોલીસ સ્ટેશન એક અલાયદુ પોલીસ સ્ટેશન છે જેમાં કોઇ પ્રકારના ગુજરાતની દારૂબંધીના કાયદાનું પાલન કરાવવામાં આવતું નથી. ફક્ત ઉઘરાણામાં રચ્યા પચ્યા રહેતા પી.એસ.આઇ. ગોહિલ તથા પોલીસ કોન્સ્ટેબલો પ્રવિણ ચૌહાણ અને જીતેન્દ્ર ઉર્ફે જીતુ અને હોમગાર્ડના જવાનો પણ હાલ માલામાલ થઇ જવા પામ્યા છે. દેખીતી રીતે જોવા જઇએ તો પલસાણા પોલીસ સ્ટેશનમાં ગોરખધંધાઓ પાછળ ખુદ એસ. પી. નાયક પણ જવાબદાર છે. કેમકે ચાલતા આ ગોરખધંધાઓ ડામવાની જવાબદારી એમની હોવા છતાં આ તમામ બુટલેગરો અને દમણ લાઈનના બુટલેગરો એસ. પી. સાહેબ દ્વારા કદાચ સ્પેશયલ પરવાનગી આપી હોય એમ લાગે છે. પલસાણા સ્ટેશનની હદમાં આવેલા ગામોમાં પલસાણા, બલેશ્વર, બારડોલી રોડ તથા આજુબાજુના ગામડાઓમાં બેરોકટોકપણે આ ગોરખધંધાઓ ચાલી રહ્યા છે. જે ગુજરાતના દારૂબંધીના કાયદાઓનું ઘોર ઉલ્લંઘન કરે છે. સુરત જિલ્લાના આઈ.જી. તપાસ કરાવે તો મસમોટું ભોપાળું બહાર આવે તેમ છે.

## પ્રધાનમંત્રી આવાસના નામે રૂા. ૪૦૦નું ઉઘરાણું ?

ઓલપાડ ગ્રામ પંચાયતના સભ્યો દ્વારા ગરીબો તથા ભાડેથી રહેતા લોકો પાસેથી પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ એક ફોર્મ દીઠ રૂા. ૪૦૦ લેખે પાણી વેરો બાકી હોય એવી રીતે મનસ્વી રીતે ઉઘરાણું કરવામાં આવી રહ્યું છે. હજુ તો ફક્ત પ્રધાનમંત્રી આવાસ ક્યા બનવાના છે ? તેની જાણકારી અને તેની સ્થળ તપાસ કરવાની બાકી હોવા છતાં પણ ગ્રામ પંચાયતે જરૂરિયાતમંદો પાસેથી ફોર્મ દીઠ રૂા. ૪૦૦ ઉઘરાવી લેવામાં આવ્યા છે. અત્યાર સુધી અંદાજીત ૧૦૦૦ થી વધુ ફોર્મની વહેંચણી કરી દેવામાં આવી છે. અને હજુ પણ વહેચવાનું ચાલુ છે. ગરીબો સાથે મજાક કરતી ગ્રામ પંચાયત આ ગરીબોને જણાવે કે ફક્ત ૨૮ જ મકાનો બનવાના છે અને તે ડ્રો સિસ્ટમથી જ જે તે જરૂરિયાતમંદને મળશે.

ઓલપાડ ગ્રામ પંચાયતના સભ્ય વસીમ રાજાના જણાવ્યા મુજબ ઓલપાડ ગ્રામ પંચાયતની હદમાં સરદાર આવાસ યોજના હેઠળ આવાસો બનાવવામાં આવ્યા હતા. પરંતુ હજુ આજ દિન સુધી ફાળવવામાં આવ્યા નથી તો પછી પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ ફક્ત ૨૮ જ મકાનો ફાળવીને ઓલપાડ ગ્રામના નગરજનોને છેતરવાનો ધંધો અને ઉઘરાણા કરવાના કિમીયા સભ્યો અપનાવી રહ્યા છે.

## કુડસદ નજીક રેલવે ટ્રેક પર ટાયરો સળગાવવા અંગે પોલીસે ગુનો દાખલ કર્યો

સુરત

'પદ્માવત' ફિલ્મના વિરોધમાં કીમ રેલવે સ્ટેશન કુડસદ ગામ રેલવે ટ્રેક ઉપર ટાયરો સળગાવી રેલવેની મિલકતને નુકસાન પહોંચાડી ટ્રેન વ્યવહારમાં અવરોધ ઊભો કરનારા સામે રેલવેએ કીમ પોલીસી સ્ટેશને કાયદેસરની ફરિયાદ આપી હતી. ગત તા. ૨૨/૧/૧૮ના રોજ રાત્રે ૯.૫૫ કલાકે કોઈ અજાણ્યા વ્યકિતઓએ 'પદ્માવત' ફિલ્મના મુદ્દે કુડસદ રેલવે ટ્રેક ઉપર ટાયરો સળગાવ્યા હતા દરમિયાન બાન્દ્રાથી જયપુર જતી ટ્રેનના ચાલકે બળતા ટાયર ઉપર ધ્યાન જતા તુરંત જ રેલ પ્રશાસનનું ધ્યાન દોર્યું હતું. જેને પગલે રેલવે તંત્ર દોડતું થઈ ગયું હતું. ત્યારબાદ ગઈકાલે આ ઘટના અંગે રેલવેના અધિકારી જયપ્રકાશ સનાબદ્રીનારાયણ સિંહે કીમ પોલીસ સ્ટેશને અજાણ્યા વ્યકિત વિરુદ્ધ ફરિયાદ આપી હતી. ફરિયાદમાં જણાવ્યા મુજબ અજાણ્યા વ્યકિતઓએ રેલવે ટ્રેક ઉપર ટાયરો સળગાવી રેલવેની સંપત્તિને નુકસાન પહોંચાડી ટ્રેન વ્યવહારમાં અવરોધ ઊભો કરવાની કોશિષ કરી હતી. કીમ પોલીસે તપાસ હાથ ધરી છે.

## વરાછાના યુવાન દુકાનદારના આપઘાત કેસમાં ૫ વ્યાજખોરો સામે ગુનો દાખલ

સુરત

વ્યાજખોરોના ત્રાસથી મોબાઈલ ફોનની દુકાન ધરાવતા યુવકે ઝેરી દવા પી જઈ આત્મહત્યા કર્યાના બનાવમાં પાંચ વ્યાજખોરો સામે ગુનો દાખલ થયો હતો.

વરાછા પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ મૂળ ગોંડલ તાલુકાના કોટડા ગામના વતની અને વરાછા એ.કે. રોડ રામબાગ સોસાયટીમાં રહેતા જીગર દિલીપભાઈ સળિયાએ આરોપી વ્યાજખોરો જવાભાઈ, હેમાંગભાઈ, હસુભાઈ, જગાભાઈ, કિશનભાઈ વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદી જીગરના ભાઈ આકાશ ઉર્ફે પીન્ટુએ આરોપીઓ પાસેથી કુલ્લે રૂપિયા ૪૭.૩૦ લાખ હાથ ઊછીના વ્યાજે લીધા હતા. જે પૈકી આકાશ ઉર્ફે પીન્ટુએ રૂા. ૩૯.૧૦ લાખ ચૂકવી પણ દીધા હતા તેમ છત,ાં આરોપીઓએ વ્યાજ અને પેનલ્ટીના નામે અવાર નવાર પઠાણી ઉઘરાણી કરી અપશબ્દો બોલી ત્રાસ ગુજારતા હતા. વ્યાજખોરોના તાસથી ત્રાસી જઈ આકાશ ઉર્ફે પીન્ટુએ ઝેરી દવા પી જઈ આત્મહત્યા કરી લીધી હતી. આત્મહત્યા કરતા પહેલાં મરણજનાર આકાશ ઉર્ફે પીન્ટુએ પોતાના મિત્રોને વ્હોટ્સએપ કરી સ્યુસાઈટ નોટ મોકલી હતી. વરાછા પોલીસે વ્યાજખોરોની સામે ફરિદ નોંધી પો.ઈ. એમ.પી. પટેલે તપાસ હાથ ધરી છે.

## નાસિકની મોરે ગ્રુપ કંપનીમાં રોકાણ કરનાર ભગવાકર પરિવાર સાથે ઠગાઈ

સુરત

અડાજણના ભગવાકર પરિવાર પાસે નાસિકની મોરે ગ્રુપ કંપની સ્કીમમાં રોકાણના નામે રૂપિયા ૧ કરોડ ૪૪ લાખની ઠગાઈ કરી હતી. કંપનીના સંચાલકો સહિત સાત જણા વિરુદ્ધ અડાજણ પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ હતી.

અડાજણ ગુજરાત ગેસ સર્કલ મહેર નગર સોસાયટીમાં રહેતા પરવેઝભાઈ દિનશાજી ભગવાકરે આરોપી અશ્વિન હરિમોરે, હર્ષવર્ધન નલીનરાવ મોરે, ચંદ્રેશખેર હરિ મોરે, શ્રીમતી શિવાંગી મોરે, વિશાલ હરિ મોરે, સુનિલ હરિ મોરે, પ્રશાંત કોલટે (મોરે ગ્રુપ કંપનીનો મેનેજર) તમામ રહે. નાસિક આ બાય શ્રધ્ધાવિલા, કલાનગર) વિરુદ્ધ ફરિયાદ આપી હતી. ફરિયાદમાં જણાવ્યા મુજબ આરોપીઓએ ફરિયડાદી અને તેના પરિવાર પાસે મોરે ગ્રુપ કંપનીની વિવિધ સ્કીમમાં રૂપિયા ૧ કરોડ ૪૪ લાખ અને કંપનીમાં પાંચ ફલેટ બુકીંગમાં રૂા. ૯૫ લાખ મળી કુલ્લે રૂા. ૨ કરોડ ૩૯ લાખનું રોકાણ કરાવ્યું હતું. રોકાણ બાદ નફા લેખે ટૂકડે-ટૂકડે રૂા. ૧૮ લાખ આપ્યા હતા. ત્યારબાદ રોકાણના રૂપિયા અને નફાનો એક રૂપિયા પરત નહીં કરી ફરિયાદી પરિવાર સાથે વિશ્વાસઘાત છેતરપિંડી કરી હતી.

## પદ્માવત ફિલ્મની રજૂઆત સંદર્ભે તાપી જિલ્લામાં કલમ ૧૪૪ લાગુ થઈ

તાપી

પદ્માવત ફિલ્મની રીલીઝને લઈને દેશ અને રાજયમાં ઉભી થયેલી પરિસ્થિતિના તાપી જિલ્લામાં કોઈ પ્રત્યાઘાત ન પડે તે માટે તકેદારીના ભાગરૂપે તથા જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે એ માટે તાપી જિલ્લાના અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ એસ.પી મુનિયાએ કલમ-૧૪૪નું જાહેરનામું બહાર પાડી તાપી જિલ્લાના સમગ્ર વિસ્તારમાં ચાર કે તેથી વધુ વ્યક્તિઓને એકત્ર થવા, સક્ષમ અધિકારીની પરવાનગી વિના જાહેરસભા અથવા સરઘસના આયોજન કરવા પર તા. ૨૨/૦૧/૨૦૧૮ થી તા. ૦૫/૦૨/૨૦૧૮ સુધી પ્રતિબંધ ફરમાવ્યો છે.

આ હુકમ સરકારી નોકર કે કામ કરતી કોઇ પણ વ્યક્તિ કે જેને ઉપરી અધિકારીએ સરકારી ફરજ બજાવવાઆજ્ઞા આપેલ હોય, જિલ્લા મેજીસ્ટ્રેટ તથા જિલ્લા પોલીસ વડાએ અધિકૃત કરેલ અધિકારી/કર્મચારી કે પોલીસ અધિકારીને, સરકારી અથવા સ્થાનિક સ્વરાજની સંસ્થાઓને લગતા કાર્યક્રમોને, લગ્નના વરઘોડા, સિનેમા હોલમાં, ટાઉન હોલમાં, સ્મશાનયાત્રામાં, એસ.ટી. બસમાં, રેલવેમાં મુસાફરી માટે કે મંદિર, મસ્જીદ કે દેવળમાં પ્રાર્થના માટેના શુદ્ધ આશયથી જતી વ્યક્તિઓને લાગુ પડશે નહિ. સક્ષમ સત્તાધિકારીએ આપેલ સભા/સરઘસની પરવાનગીથી યોજાતી સભા કે સરઘસમાં જતી, ભાગ લેતી વ્યકતિઓને લાગુ પડશે નહિં. આ હુકમનો ભંગ કરનાર સજાને પાત્ર થશે એમ અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ તરફથી જણાવાયું છે.

# રાંદેર પોલીસ સ્ટેશનની હદમાં ગોરખધંધાઓ શરૂ કરવા હોય તો નવા બની બેઠેલા પી.આઈ. ધર્મેશ પંડિતને મળો!!!

## એક ટપોરી છાપ ધરાવતો, પોલીસના નામે દમદાટી આપતો અને બુટલેગરો પાસેથી ઉઘરાણુ કરતો ધર્મેશ પંડિત નામનો રીક્ષાવાળો રાંદેરના પીઆઈનો વટ મારતો ફરે છે

**રાંદેર પોલીસ સ્ટેશનના વહીવટદાર સહદેવસિંહ અને બની બેઠેલો પોલીસ અધિકારી ધર્મેશ પંડિત (રીક્ષાવાળો)ના રાજમાં ચાલતા આંકડા-જુગારના અડ્ડાઓ**

(૧) અક્ષર / કાદર - બાપુનગર બોરડીમાં - આંકડા / જુગાર
(૨) અબ્બાસ - રાંદેર બસ સ્ટેન્ડ - જુગાર
(૩) રફીક - રાંદેર બસ સ્ટેન્ડ - જુગાર
(૪) અમીત - રાંદેર બસ સ્ટેન્ડ - જુગાર
(૫) સલીમ - રાંદેર બસ સ્ટેન્ડ - જુગાર
(૬) હનીફ લાંબો-રાંદેર બસ સ્ટેન્ડ-જુગાર / આંકડા

**શું રાંદેર પોલીસ સ્ટેશનના પી.આઈ. સરોદે આવા રીક્ષાવાળા સામે કાર્યવાહી કરશે ખરા ? કે પછી...!**



સુરત : શહેરમાં આવેલા રાંદેર વિસ્તારમાં હાલની સ્થિતિએ ગુજરાતના દારૂબંધીના કાયદાનું છડેચોક ઉલ્લંઘન કરવામાં આવી રહ્યું છે. રાંદેર પો. સ્ટે.ની હદમાં ગમે ત્યાં જાવ તમને સરળતાપૂર્વક દારૂ અનો જુગારનો અડ્ડો દેખાશે. આ તમામ ગોરખધંધાઓ પાછળ રાંદેર પો.સ્ટે.ના વહીવટદારની મહેરબાની વિના શક્ય જ નથી. દેખીતી રીતે જોવા જઈએ તો પ્રોહિબીશન એક્ટ હેઠળના ગુનાઓમાં સૌથી વધુ ગુના રાંદેર પો. સ્ટે.માં છે. આ પો. સ્ટે.ની હદમાં હાલની સ્થિતિએ ગલીએ ગલીએ દેશી દારૂના ધંધા કરવાવાળા ફૂટી નીકળ્યા છે. આ તમામ ચાલતા ગોરખધંધાઓમાં મુખ્ય ભૂમિકા કેશિય સહદેવસિંહ અને રીક્ષાવાળો ધર્મેશ પંડિત જવાબદાર છે. ધર્મેશ પંડિત જે રાંદેર પો. સ્ટે.માં ચાલતા ગોરખધંધાઓનું ઉઘરાણુ કરવા માટે અને ખુલ્લેઆમ તોડપાણી કરવા માટે રાખ્યો હોય એમ જણાય છે. મળતી માહિતી મુજબ ધર્મેશ પંડિત જે રીક્ષાવાળાની કદાચ સી.પી. સાહેબો રાંદેરના પી.આઈ. તરીકે કરી હોય એમ લાગી રહ્યું છે. કેમકે આ રીક્ષાવાળાનો વટ જોવા જેવો છે. રાંદેર પો. સ્ટે.ના પી.આઈ.ને પણ શરમાવે એવો વટમાં ફરતો ધર્મેશ પંડિત અમુક વર્ષોમાં જ લખપતિ બની જવા પામ્યો છે. ઉઘરાણા કરીને અને તોડપાણીમાં જ રહેતા ધર્મેશ પંડિત ઉપર જાણે સી.પી. સાહેબની મહેરબાની હોય તેમ લાગી રહ્યું છે. જો કદાચ રાંદેર પો.સ્ટે.માં ગોરખધંધાઓ શરૂ કરવા હોય તો પહેલા રાંદેર પો.સ્ટે.ના પી.આઈ. સરોદે નહી પણ બની બેઠેલા બની બેઠેલા પીઆઈ ધર્મેશ પંડિતને મળે તેવી છાપ ઉભી કરી આ તમામ અડ્ડાઓ અને જુગારીઓ પાસેથી તોડપાણી અને ઉઘરાણા કરવામાં આવી રહ્યા છે.

**રાંદેર પોલીસ સ્ટેશનના વહીવટદાર સહદેવસિંહ અને બની બેઠેલો પોલીસ અધિકારી ધર્મેશ પંડિત (રીક્ષાવાળો)ના રાજમાં ચાલતા દેશી વિદેશી દારૂના અડ્ડાઓ**

(૧) કલ્લુ ઉર્ફે કલ્પેશ, શૈલેષ પટેલ - હનુમાન ટેકરી - વિદેશી દારૂ
(૨) યોગેશ ઉર્ફે કાલુ સેલર - પાંચ ઝૂંપડા - વિદેશી દારૂ
(૩) દિલીપ માંજરો / નરેશ ખારવો - પ્રભુદર્શન સોસાયટી - દેસી / વિદેશી દારૂ
(૪) રેખા - રામનગર - દેશી / વિદેશી દારૂ
(૫) સમદ - કબુતરખાના - વિદેશી દારૂ
(૬) ભગવાન ઉર્ફે ભગલો - ખાંડા કુવા - વિદેશી દારૂ
(૭) મહંમદ - બોમ્બે કોલોની - દેશી / વિદેશી દારૂ
(૮) અનિતા ભૈયાણી - તાડવાડી ઝૂંપડપટ્ટી - દેશી / વિદેશી દારૂ
(૯) હસુમતી - તાડવાડી ઝૂંપડપટ્ટી - દેશી દારૂ
(૧૦) લાલી - તાડવાડી ઝૂંપડપટ્ટી - દેશી દારૂ
(૧૧) સઈદ ચીકનો - દેશી દારૂ ભરણકર્તા
(૧૨) મેહુલ ડુમસીયા - દેશી દારૂ ભરણકર્તા

## રાંદેર પો. સ્ટે.ના વહીવટદાર સહદેવસિંહનું ઉઘરાણું પણ આ ધર્મેશ પંડિત નામનો રીક્ષાવાળો કરી રહ્યો છે જે દર મહિને અંદાજીત ૨૦ થી ૨૫ લાખનું હોવાનું માલુમ પડ્યું છે

# ઓલપાડ તાલુકાના દેલાસા ગામે ગેરકાયદેસર ઝીંગા તળાવો સામે કાર્યવાહી ક્યારે ???

**બ્લોક નં- ૨૦૮ની સ્થળ તપાસ કરતાં આખે આખી જમીન ઉપર ગેરકાયદેસર ઝીંગા તળાવો બની જવા પામ્યા છે. હાલમાં આ બ્લોક નંબરની ૧૬૮ એકર ખારપાતની જમીન ઉપર કોઈ ખૂણો બાકી ન હોય, તમામ જમીન ઉપર ગેરકાયદેસર અને ઝીંગા તળાવો માથાભારે ઈસમોએ થોકી બેસાડી દેવામાં આવ્યા છે**

ઓલપાડ

સુરત જિલ્લાના ઓલપાડ તાલુકાના ઠેર-ઠેર ઊભા થયેલા ઝીંગા તળાવો બની જવા પામ્યા છે. જેમાં ભાંભળા પાણીના ઝીંગા તળાવોમાં કરોડોના કારોબારે સમગ્ર કાંઠાને આ ઝીંગા તળાવ ઝપેટમાં લીધા છે. આ વિસ્તારના ૧૦ થી વધુ ગામડાઓમાં તો એવી સ્થિતિ સર્જાવા પામી છે કે પાણીના નિકાલના માર્ગો પણ રહ્યા નથી. જેના કારણે ખેતીના પાકને પણ મોટા પાયે નુકસાન થયું છે. હાલની સ્થિતિએ આ તમામ તબક્કામાં ઓલપાડ તાલુકાના મંદરોઈ, દાંડી, મોર, ભગવા, દેલાસા, કરંજ, નેસ, સરસ, સોંદલાખારા, ભટગામ, કોબા પારડી, કંસાડ, કદરામા અને કમરોલી ગામોમાં ગેરકાયદેસર ઝીંગા તળાવોનું છેલ્લા અમુક સમયમાં સામ્રાજ્ય ઉઠાવા પામ્યું છે. સરકાર પાસે વિસ્તારની ખારપાટની જમીન મીઠાના અગર જમીન ખેતી કરી કે પછી મત્સ્યબીજ ઉછેર માટે આ પટ્ટા ઉપર લેવાની હોવા છતાં આ તમામ જમીનો ઉપર ઝીંગાનો કાળો કારોબાર ખુલ્લેઆમ ચાલી રહ્યા છે અને આ તમામ ગેરકાયદે ઝીંગા તળાવ બાબતે જે - તે ગામના તલાટી, સર્કલ ઑફિસર, મામલતદાર, પ્રાંત અધિકાર અને કલેક્ટરને કરવામાં આવી હોવા છતાં કોઈ પણ પગલા ભરાતાં નથી. ગંભીર બાબત એ છે





- **ઓલપાડ તાલુકાના કાંઠા વિસ્તારમાં સમાવિષ્ટ ગામડાઓમાં હાંસોટ જેવા તોફાનો થવાની ગ્રામજનોની ચીમકી છતાં પણ તંત્રની ઊંઘ ઉડતી કેમ નથી ???**
- **આગામી દિવસોમાં આખા તાલુકાને ભડકે બાળે તો નવાઈ નહીં તેવી સ્થિતિ આકાર લઈ રહી છે.**

કે રાજય સરકારે ૧૯૯૬માં મત્સ્ય નિગમને બંધ કરી દીધુ હતું આમ છતાં નિગમ દ્વારા ફળવાયેલી જમીન પણ હજુ સુધી સરકાર હસ્તક લેવાની કોઈ પ્રક્રિયા થઈ નથી જેને કારણે રાજ્ય સરકારની તિજોરીને પણ કરોડોનું નુકસાન વેઠવું પડી રહ્યું છે અને જે- તે કાઠાં વિસ્તારના રહીસોને પણ ભોગ બનવું પડતું હોય છે.આ ઝીંગાના તળાવમાં કરોડોના ધંધામાં અસામાજિક તત્વોએ તો જે-તે ગામના ગૌચરની જમીનને પણ છોડી નથી અને ગામના રસ્તાઓ અને સીમાડાઓ પણ છોડ્યા નથી. આ સંદર્ભમાં દુધાળા પશુઓના ઘાસચારા માટે પણ મુશ્કેલી વધી રહી છે. દેલાસા અને સોંદલાખારા ગામમાં ધમાકેદાર ચાલી રહેલા ગેરકાયદે ઝીંગા તળાવો સામે પગલાં ભરવાને બદલે સરકારી બાબુઓ એકબીજાને ખો આપી રહ્યા છે. ઓલપાડ તાલુકામાં ચોર્યાસી તાલુકા કરતાં પણ મોટી સંખ્યામાં ગેરકાયદે ઝીંગા તળાવો બની રહ્યા હોવાથી સુરતના અને ગુજરાતભરના મોટા ગજાના બિલ્ડરો, મંત્રીઓના ચમચાઓ અને અધિકારીના સગા વ્હાલાઓ પણ આ ઝીંગા તળાવોમાં પોતાનો હિસ્સો ધરાવતા હોય એમ લાગી રહ્યું છે. ઓલપાડ તાલુકાની વિવિધ ગ્રામપંચાયત તેમજ ઓલપાડ મામલતદાર કચેરીના ચોક્કસ માણસો પાસે ગેરકાયદે ઝીંગા તળાવોની રજેરજની વિગતો છે પરંતુ નિયમિત મળતી પ્રસાદીને કારણે સરકારી બાબુઓ ગેરકાયદે ઝીંગા તળાવો દૂર કરવામાં રસ દાખવતા નથી અને ફક્ત એક જાહેર નોટીસ ઈસ્યૂ કરીને એ નોટીસની સામે કાયદેસરની કાર્યવાહી કરવાને બદલે આ ઝીંગા તળાવ ધારકોને ખુદ મામલતદાર, પ્રાંત અધિકાર અને કલેકટર છાવરી રહ્યા હોય એમ સ્પષ્ટ પણે લાગી રહ્યું છે.

કલેક્ટર કચેરી દ્વારા પણ કેટલાક સર્વે નંબરમાં પણ તળાવ માટે મંજુરી આપવામાં આવી છે અને કેટલાંક ગેરકાયદે છે એની વ્યક્તિગત તપાસ કર્યા વિના ગ્રામપંચાયતો દ્વારા કરાયેલી ફરિયાદોના આધારે તપાસ શરૂ કરવામાં આવે તો પણ કેટલા લોકોએ સરકારને ચૂનો ચોંપડ્યો છે તે ચિત્ર સ્પષ્ટ થાય એમ છે.

**દેલાસા ગ્રામ પંચાયતના સભ્ય શિલ્પાબેન પટેલે આ ગેરકાયદેસર ઝીંગા તળાવ બાબતે અવાજ ઉઠાવતા સર્કલ ઓફિસર અને તલાટીએ તપાસ કરતાં ચોંકી ઉઠ્યા હતા. તમામ ખારપાતવાળી જમીનોમાં ઝીંગા તળાવો કોની મહેરબાનીથી બની ગયા, તેવા તમામ પ્રશ્નો ઊભા થવા પામ્યા છે.**

RNI NO. GUJGUJ/2011/40571 • PUBLISHER, PRINTER & OWNER : SACHIN H. PATEL, PRINTED AT TAPTILOK PUBLICATION, 152-153, SHRIRAM INDUSTRIAL ESTATE, PANDESARA, SURAT (GUJARAT) PUBLISHED AT 52 GOKULDHAM SOCIETY, ASHRAM ROAD, JAHANGIRPURA, SURAT- 295005. EDITOR : SACHIN H. PATEL (SUBJECT TO SURAT JURISDICTION)